# આપણી અંતચેતના જ સાચી ગાયત્રી

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥



મિત્રો, મનોનિગ્રહ માટે હવે વધારે આગળ વધો. એના માટે શું કરવાનું ? - માતૃવત્ પરદાયેષુ, લોષ્ઠવત્ પરદ્રવ્યેષુ, આત્મવત્ સર્વભૂતેષુ- આ ત્રણ આધાર છે. આ ત્રણ પરીક્ષાઓ છે, જેના ઉપરથી નક્કી થશે કે તમે ફળ પ્રાપ્ત કરવાના અધિકારી છો કે નહિ અને તમને આત્મબળ મળી શકશે કે નહિ, આત્મબળને સંભાળી શકશો કે નહિ અને આત્મબળની જવાબદારી વહન કરવાને લાયક તમારી અંદર કલેજું અને હિંમત છે કે નહિ ? બેટા, આ ત્રણ પરીક્ષાઓ છે. આ ત્રણ પેપર છે. પી.એમ.ટી.નાં છે. મેડિકલ કૉલેજમાં પ્રવેશ મેળવવા ત્રણ પેપર આપો. પરીક્ષા આપો અને પાસ થાઓ. પી.એમ.ટી. માં સારા ટકા લાવો તો તમને પ્રવેશ મળી જશે. ના સાહેબ, ત્યાં તો ધકકામુકકી ચાલશે. હું તો ધક્કા મારીને બધાથી આગળ નીકળી જઈશ. બેટા, અમારા જમાનામાં રેલવે સ્ટેશનો પર એવું થતું હતું. જે ધક્કો મારતો હતો તે સૌથી આગળ પહોંચી જતો હતો, પણ હવે તો દરેક જગ્યાએ લાઈન લાગે છે. દરેકે પોતાનો નંબર આવે તેની રાહ જોવી પડે છે. હવે ધક્કાશાહી ચાલતી નથી. તું લાઈનમાં ઊભો રહે અને તારી લાયકાત સાબિત કર અને વરદાન મેળવ.

ગાયત્રી મંત્ર શું છે અને હું તમને સમજાવી રહ્યો હતો. ગાયત્રીની કૃપા દરેક માણસને મળતી નથી. ફકત માળા ફેરવવાથી નથી મળતી. જો માળા ફેરવવાથી તે મળતી હોત તો તમારામાંની દરેકને મળી ગઈ હોત. તમે ક્યારથી ગાયત્રી મંત્રના જપ કરો છો ? ગુરુજી, ઘણા સમયથી કરું છું. તમે ત્રીસ વર્ષથી માળા કરો છો તો તમને શું મળ્યું ? કશું મળ્યું નથી. જો તમે આવું કહેશો તો લોકો કહેશે કે તું સાવ પાગલ છે, તો પછી માળા ફેરવવાથી શો ફાયદો ? હું કહુ છું કે ગાયત્રી માતા હજુ છે. મને પ્રત્યક્ષ તો દેખાતાં નથી, પણ રાત્રે સ્વપ્નમાં દેખાય છે. તને સ્વપ્નમાં દેખાય છે, તો તારા માટે તે શું લઈને આવે છે ? ગુરુજી, કશું લઈને આવતાં નથી. હવે ગાયત્રી માતા મળશે તો હું એમની સાથે લડીશ. જ્યારે આપણે કોઈના ઘરે જઈએ છીએ ત્યારે બાળકો માટે ટૉફી, ફળફળાદિ કે બીજું કશું લઈને જઈએ છીએ. ગુરુજી આવ્યા છે. મથુરા-વૃંદાવનનો પ્રસાદ લઈને આવ્યા છે. રાત્રે સ્વપ્નામાં હનુમાનજી કંઈ લઈને આવે છે ? ના, ગુરુજી, ખાલી હાથ આવે છે. સારું, હવે તેઓ મને મળશે તો હું એમને કહીશ કે તમે મારા દીકરાને ત્યાં ગયા હતા, તો કમસે કમ પાંચસો રૂપિયાની એક થોકડી તો આપવી હતી. બેટા, સ્વપ્નના હનુમાનજી કશું આપી શકતા નથી.

# આપણી અંતચેતના જ સાચી ગાયત્રી

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

ઋતંભરા પ્રજ્ઞા પ્રાપ્ત કરવી હોય તો હંસ બનો.



હું તમને ગાયત્રીનું શિક્ષણ તથા ગાયત્રીની વાસ્તવિકતા બતાવવા ઇચ્છું છું તેના કલેવર પછી એ શીખવવા માગું છું કે જેમાં ગાયત્રીના ચમત્કાર, સિદ્ધિઓ તથા તેનું ગૌરવ છુપાયેલા છે. બેટા, આ બધું ઋતંભરા પ્રજ્ઞામાં છુપાયેલું છે. વાસ્તવમાં ગાયત્રીનો અર્થ ઋતંભરા પ્રજ્ઞા કરવો પડશે. ઋતંભરા પ્રજ્ઞા કેવી હોય છે ?

બેટા, ઋતંભરા પ્રજ્ઞાને જે કોઈ માણસ પોતાના ઉપયોગમાં લેશે તેને કેટલીય રીતો અખત્યાર કરવી પડશે. ગાયત્રીનું વાહન હંસ છે. ગાયત્રી કોની ઉપર સવાર થશે ? હંસ પર સવાર થશે. હંસ કોને કહે છે ? હંસ એક પ્રતીક છે. તું સમજતો કેમ નથી. ? હંસ પર ગાયત્રી બેસી શકતી નથી. તેની પર તે કઈ રીતે બેસી શકે ? જો તે તેના પર બેસે તો તેના કચ્ચરઘાણ નીકળી જાય. તેથી તે હંસ પર બેસી ન શકે. તો પછી હંસ શું છે ? બેટા, હંસ એવી વ્યક્તિ છે, જેની દૃષ્ટિ ઋતંભરા પ્રજ્ઞાને અનુકૂળ હોય. ઋતંભરા પ્રજ્ઞા કેવી હોય છે ? તે હંસ જેવી હોય છે. હંસની બુદ્ધિ કેવી હોય છે ? તે જીવજંતુ નથી ખાતો, પરંતુ તે મોતીનો ચારો ચરે છે. એટલે કે જે યોગ્ય હોય તે જ કરે છે, પરંતુ જે અયોગ્ય હોય તે કદાપિ કરતો નથી. તે ભૂખ્યો રહે છે. કદાચ મરી જવું પડે તો મરી જાય છે, પણ તે અભક્ષ્ય ખાતો નથી. તે વિચારે છે કે મરી જવું સારું, પણ હું ખોટું કામ નહિ કરું. આવી દૃષ્ટિવાળા માણસને નામ છે – સફેદ, સ્વચ્છ અને નિર્મળ હંસ.

હંસ નીરક્ષીરનો વિવેક સમજે છે. તેને પાણી અને દૂધ ભેગાં કરીને આપીએ તો તે માત્ર દૂધને ગ્રહણ કરે છે. એ જ રીતે વિવેકવાન વ્યક્તિ માત્ર યોગ્ય હોય તેને જ ગ્રહણ કરી અયોગ્યનો ત્યાગ કરે છે. એનું જ નામ ઋતંભરા પ્રજ્ઞા છે. તેને જાગ્રત કરવા માટે જ હું તમને ગાયત્રી સાધના કરાવું છું.

# આપણી અંતચેતના જ સાચી ગાયત્રી

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

## સાધનાના પ્રાણને સમજો

મિત્રો, ઉપાસના તથા સાધનાનો પ્રાણ છે – સમર્પણ . તમે સમર્પણ કરી તો જુઓ. હું પહેલેથી જ કહું છું કે માળા ના ફેરવીશ, પણ સમર્પણ કરતાં શીખ. બેટા, આમાં વાંસળીની જેમ પોતાને ખાલી કરી દે. ના ગુરુજી, તમે ફકત કર્મકાંડ જ શિખવાડીદો. બેટા, મેં તમને કલેવરની વાત કરી હતી, પરંતુ એ જ સર્વસ્વ નથી. તું પ્રાણને પણ સમજ. પ્રાણ કોને કહે છે ? પ્રાણમાં આપણે આપણી ચેતનાનું શુદ્ધીકરણ કરીને તેને સાફ કરવી પડે છે. ચેતનાની જે ભૂલો તથા દોષો હોય, ચેતના ઉપર ભ્રમનું જે આવરણ તથા મેલ ચઢેલો હોય એ બધાંને આપણે ધોઈને સાફ કરવા પડે છે. લોખંડના વાસણનો કાટ કાઢવા માટે જેવી રીતે તેને ઈંટાળાથી તથા ફૂચાથી બરાબર ઘસવું પડે છે, એ જ રીતે આપણા અંતરાત્મા પર ચઢેલા મેલ તથા દોષોનાં આવરણોને સાફ કરવા માટે આપણે ખૂબ મહેનત કરવી પડે છે, પોતાની જાત સાથે લડવું પડે છે તથા કડકાઈ કરવી પડે છે. તેને સાધના કહે છે. -મન સાધે સબ સધે- એ જ સાધનાનું સ્વરૂપ છે.

સાધનાનું સ્વરૂપ કેવું હોય છે એ હું તમને સમજાવીશ. સાચી સાધના કોને કહેવાય ? તે કઈ રીતે કરવામાં આવે છે તે હું તમને બતાવીશ. ખેડૂત સાચી સાધના કરે છે. તે આખો દિવસ ખેતરમાં ટાઢ તડકામાં મજૂરી કરે છે, જમીન ખેડે છે, નીંદામણ કરે છે તથા આખું વર્ષ પરસેવો પાડે છે. વર્ષના અંતે શું થાય છે ? પાક તૈયાર થાય છે, અનાજ પેદા થાય છે અને ખેડૂત માલદાર થઈ જાય છે. જો તમે પોતાના આત્માના કલ્યાણ માટે આવી કઠોર સાધના કરશો તો તે પણ તમને ફળ આપશે. હવે ઉપાસના કઈ રીતે કરવી તે હું તમને બતાવીશ.

જેવી રીતે પહેલવાન અભ્યાસ દ્વારા પોતાના શરીરને મજબૂત બનાવે છે એવી જ રીતે ઉપાસના કરવી જોઈએ. કમજોર માણસ જ્યારે કસરત શરૂ કરે છે અને શરીરમાં રહેલા દોષોને દૂર કરી દે છે, આત્મનિગ્રહ કરે છે અને પોતાના આહારવિહારને સંયમિત કરે છે ત્યારે તે ચંદગીરામ પહેલવાન બની જાય છે. તેની ટી.બી.ની ફરિયાદ દૂર થઈ જાય છે અને તે મજબૂત બની જાય છે. ચંદગીરામ પહેલવાન ટી.બી.ના દર્દી હતા, છતાં તેમને શરીરની સાધના ચાલુ રાખી. બાવીસ વર્ષની ઉંમરે તેઓ પહેલવાન બની ગયા હતા. આનું નામ છે સાધના .

ખેડૂત પણ પોતાના ખેતરમાં સાધના કરે છે તમને પણ તમારી બુદ્ધિ અને મગજની સાધના શરૂ કરી દો. પછી તમે જુઓ કે તમારું મગજ સાવ તુચ્છ તથા મંદ બુદ્ધિવાળું હોવા છતાં તમે કાલિદાસની જેમ વિદ્વાન બનો છો કે નહિ ? પથ્થર પર દોરડું વારંવાર ઘસાય છે તેનાથી પથ્થર પર નિશાન બની જાય છે. બેટા, આપણી મહેનત જો સખત હોય તો આપણી જાડી બુદ્ધિ હોવા છતાં પણ આપણે વિદ્વાન બની શકીએ છીએ. એના માટે મગજની કસરત કરવી પડે છે. જો આપણે તે માનસિક કસરત, મનની સાધના સારી રીતે કરીએ, તો કોઈ પણ ક્ષેત્રમાં આપણે પ્રગતિ કરી શકીએ છીએ તથા સિદ્ધિઓ અને ચમત્કાર મેળવી શકીએ છીએ.

# આપણી અંતચેતના જ સાચી ગાયત્રી



ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

પૈસો પણ મનોયોગથી મળે છે.

ચાલો, હું તમને પૈસા વિશે જણાવું છું. બાટા નામની એક મોચી હતો. બાર વર્ષની ઉંમરમાં તેનાં માતાપિતા મરી ગયાં હતાં. તેણે સડક પર બેસી જૂતાં સીવવાનું શરૂ કર્યું. તે પૂરા વિશ્વાસ સાથે મન દઈને જૂતાંની મરામત કરતો, તે દિલ દઈને કામ કરતો. તે નવા જૂતાં બનાવે તો એ ધ્યાન રાખતો કે કોઈ માણસ ફરિયાદ ન કરે કે જૂતાં બરાબર બનાવ્યાં નથી. તે જે કામ હાથમાં લે તેને પોતાની આબરૂનો મુદ્દો માની લેતો. તે જૂતાંની મરામત કરે તો પણ એટલી સરસ કરતો કે જેથી કોઈ માણસ એમ ના કહે કે કયા મુરખાએ આવી મરામત કરી છે. કેટલાય લોકો તેની પ્રશંસા કરતા કે પેલો છોકરો જ સૌથી સરસ મરામત કરે છે. તે એવી મરામત કરતો કે લોકો ખુશ થઈ જતા.

લોકોનાં જૂનાં જૂતાંને તે નવાં બનાવી દેતો. છોકરો મોટો થયો. લોકો તેને કહેતા કે બાટા, તું અમારા માટે સરસ નવાં જૂતાં બનાવ. હું નવાં જૂતાં કેવી રીતે બનાવી શકું ? મારી પાસે ચામડું નથી કે બીજો સામાન પણ નથી. જો મારી પાસે તે હોત તો હું બનાવી આપત. લોકોએ કહ્યું કે અમે તમે પૈસા આપીશું. તું સામાન લઈ આવ. બાટાએ એવા સરસ જૂતાં બનાવ્યાં કે જે જૂતાં છ મહિના ચાલે તેના બદલે એક વર્ષ સુધી ચાલ્યાં. લોકોએ પોતાના ઓળખીતાંઓને કહેવા માંડયું કે જો સારાં, મુલાયમ અને ટકાઉ જૂતાં પહેરવાં હોય તો બાટાની દુકાને જાઓ. આ રીતે બાટાની દુકાનો એકમાંથી અનેક થતી ગઈ અને આખા વિશ્વમાં બાટાનાં જૂતાં પ્રખ્યાત થઈ ગયાં. તમે ગમે ત્યાં જાઓ, તો તમને બાટાનાં જૂતાં મળશે. બાટા આજે અબજોપતિ બની ગયા છે.

મિત્રો, પૈસા ક્યાંથી આવે છે. પૈસો મહેનતથી આવે છે. તું મહેનત તો કરતો નથી. કામથી દૂર ભાગે છે. હરામખોર અને કામચોર માણસ જ કહે છે કે મને પૈસા મળતા નથી, મારી ઉન્નતિ થતી નથી. તે પોતાની યોગ્યતા વધારતો નથી કે મનોયોગપૂર્વક શ્રમ કરતો નથી. ઘાણીના બળદની જેમ ગમે તેવું કામ કરતો રહે છે, પરંતુ પોતાના યોગ્યતા વધારતો નથી. બાટાએ પોતાની યોગ્યતા વધારી હતી. તે ફકત નવમા ધોરણ સુધી ભણ્યો હતો.

આજે વિદેશોમાં મજૂરી કરનારા લોકો દરરોજ સાંજે બે કલાક રાત્રીશાળામાં ભણવા માટે જાય છે અને ક્રમે ક્રમે એમ.એ. અને પી.એચ.ડી. થઈ જાય છે, પરંતુ તમને ફુરસદ મળતી નથી. હરામખોરી અને કામચોરીમાં સમય વેડફતા રહો છો. પોતાની યોગ્યતા વધારતા નથી. પોતાની શક્તિ વધારતા નથી. મહેનત કરવામાં રસ લેતા નથી કે મહેનતમાં મન પણ લગાડતા નથી. નકામાં કાર્યો કરવાથી તાકાત વધતી નથી. એના કારણે અંદરની કમજોરી દૂર થતી નથી તથા યોગ્યતા વધતી નથી. તો પછી ઉન્નતિ કેવી રીતે થાય ? મન અને આત્માને એ માટે વિકસિત કરવા પડશે. ખરા મનથી કામ કરતાં શીખવું પડશે, સખત મહેનત કરતાં શીખવું પડશે. ધનથી માંડીને પ્રતિભા, પ્રતિષ્ઠા વગેરે પરિશ્રમ કરનારને જ પ્રાપ્ત થાય છે.

# આપણી અંતચેતના જ સાચી ગાયત્રી

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

બધી શક્તિઓ બીજરૂપે આપણી અંદર છે.



સાધનાની સાથે પણ પરિશ્રમ જોડાયેલો છે. વૈજ્ઞાનિક સાચી સાધના કરે છે. મોટો વૈજ્ઞાનિક વધારે મહેનત કરે છે અને શક્તિશાળી એટમબોંબ બનાવે છે. જો તે ફાટી જાય તો સેંકડો કિલોમીટર સુધી વિનાશ વેરે છે. આ તાકાત ક્યાંથી આવે છે ? તે એટમમાંથી આવતી નથી, પણ સાધનાથી આવે છે. સાધનાથી તાકાત વધારી શકાય છે અને તેનો ઉપયોગ કરી શકાય છે. તું તારી તાકાત વધારતો નથી, પછી તને સિદ્ધિઓ ક્યાંથી મળે ? સાધનાનું શેનું નામ છે ?

બેટા, જેમાં આપણે આપણી આંતરિક શક્તિનો, આપણી ચેતનાનો વિકાસ કરીએ છીએ અને તેને વધારતા જઈએ છીએ તેનું નામ સાધના છે. તમે ચેતનાનું મૂલ્ય સમજતા નથી. તમે તેને બહાર શોધો છો. દેવોની સામે કાકલૂદી કરો છો, ગુરુના પગ પકડો છો, કોઈ અધિકારી કે બોસ આગળ આજીજી કરો છો. તમને બસ, આટલું જ આવડે છે. કોઈને હાથ જોડો, કોઈની ખુશામત કરો અને બસ પોતાનું કામ કઢાવી લાવો છો. કોઈની ખુશામત કરવાની જરૂર નથી.

આપણી અંદર શક્તિનો ભંડાર ભરેલો છે. જો આપણે તેને જાગ્રત કરી શકીએ અને તેનો ઉપયોગ કરી શકીએ તો અવશ્ય સફળતા મળશે. આપણી અંદર કેટલી શક્તિ છે ? બેટા, આખા સૂર્યમંડળમાં જેટલી શક્તિ છે તેટલી આપણી અંદર રહેલી છે. અણુમાં પણ એટલી શક્તિ છે. વૃક્ષનું આખું સ્વરૂપ તેના બીજમાં રહેલું છે. એ જ રીતે બ્રહ્માંડમાં જે કાંઈ છે તે આપણા જીવાત્મામાં રહેલું છે.

બીજને આપણે વાવીએ છીએ, તો એમાંથી વડનું આખું ઝાડ પેદા થાય છે. આનું જ નામ સાધના છે. બીજે વિકસિત કરીને વડ કઈ રીતે બનાવી શકાય એ પ્રક્રિયાનું નામ સાધના છે. આપણા જીવાત્માનો વિકાસ કરીને આપણે મહાત્મા, દેવાત્મા અને પરમાત્મા પણ બની શકીએ છીએ. આ જ આત્મામાંથી પરમાત્મા બનવાની પ્રક્રિયા છે.

# આપણી અંતચેતના જ સાચી ગાયત્રી

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

ચેતનાનું મહત્વ સમજો : મહાત્મા, દેવતા અને પરમાત્મા બીજું કઈ નથી, પરંતુ પોતાનો જ વિસ્તાર છે. પોતાના આત્માનો વિકાસ કરવો એ જ સાધના છે. આપણો વિકાસ આપણે પોતે જ કરવો પડે છે, બીજું કોઈ કરી શકતું નથી. આત્માની શક્તિને તમે જોઈ નથી. રેલવેનું એન્જિન કેટલું મોટું હોય છે ? તે લાખો રૂપિયાનું હોય છે, પરંતુ બે પાંચ હજાર રૂપિયાનો ડ્રાઈવર જ તે એન્જિનને ચલાવે છે. તે ધારે ત્યારે એન્જિને ઉપાડે છે અને ધારે ત્યાં ઊભું રાખે છે. યંત્રો ગમે તેટલાં મોટાં હોય, ઓટોમેટિક તથા કમ્પ્યુટર સંચાલિત હોય, છતાં તે માણસ વગર ચાલી શકતાં નથી. ચેતનાની શક્તિ ખૂબ મોટી છે. ગાયત્રી મંત્રના માધ્યમથી હું તેને વધારવાની પ્રક્રિયા તમને શિખવાડું છું. તમારી ચેતના સૂઈ ગઈ છે, ખોવાઈ ગઈ છે, મરી ગઈ છે. તમે ચેતનાનું મહત્વ સમજતા નથી. હું તમને એ ચેતનાનો વિકાસ કરવાનું શિખવાડું છું. એનું નામ જ ગાયત્રી સાધના છે. આપણી ચેતના ભૌતિક અને ચેતન બંને ક્ષેત્રોનો સામનો કરવામાં સક્ષમ છે. હું તેનું ઉદાહરણ આપીશ. આ પૃથ્વી કેટલી મોટી છે ? ગુરુજી, ખૂબ મોટી છે. પૃથ્વીનું વજન કેટલું છે ? અરે ! તેની તો વાત જ શી કરવી ? અને પૃથ્વીની ગતિ કેટલી છે ? એક કલાકમાં છ હજાર માઈલ ફરે છે. તેની ધરી જો જરાક ડગમગી જાય તો પૃથ્વીની કક્ષા બદલાઈ શકે છે. ચેતનાની સામે જડની કોઈ વિસાત નથી. ચેતનાને તમે ભૂલી ગયા છો, તેને તમે સમજ્યા જ નથી. તેનું મૂલ્ય તમે સમજતા નથી. તમે ચેતનાનો વિકાસ કરવા ઇચ્છતા નથી. ગાયત્રી સાધનાનો ઉદ્દેશ્ય એ જ છે કે તમે તમારી ચેતનાને શુદ્ધ તથા સમર્થ બનાવો.

ચેતના કેટલી શક્તિશાળી છે તે બતાવવા માટે હું તમને વીસ લાખ વરસોનીય પહેલાં લઈ જવા ઇચ્છુ છું. તે વખતે પૃથ્વી પર નાના નાના જંગલી જીવો તથા જાનવરો હતાં. પૃથ્વી પર સર્વત્ર ખાડા ટેકરા હતા. તે ઊબડખાબડ અને કુરૂપ હતી. તેમાં ભયંકર જંગલી જાનવરો ફરતાં હતાં, પછીથી એમાં ફેરફાર થયો. માણસની બુદ્ધિ અને ચેતનાએ આખી પૃથ્વીને કેટલી સુંદર બનાવી દીધી છે ! તેણે તાજમહાલ બનાવ્યો તથા બગીચા બનાવ્યા છે. લાખ્ખો એકર જમીનને તેણે સમતળ બનાવી દીધી છે. એક જમાનામાં જયાં ઝાડીઝાંખરા હતાં ત્યાં આજે બગીચા લહેરાઈ રહ્યા છે. ખેતરો લહેરાઈ રહ્યાં છે. તેમાં મબલક અનાજ પાકે છે. હજારો શહેર વસી ગયાં છે. માણસની બુદ્ધિ તથા ચેતનાની શક્તિ ખરેખર અદ્ભુત છે.

માણસ જ્યારે ઉત્પન્ન થયો હતો, ત્યારે તે આદિમાનવના રૂપમાં હતો, વાંદરાના રૂપમાં હતો. તેની ચેતનાને જ્યારે એવું લાગ્યું કે મારે કામ કરવું જોઈએ, મારી આંગળીઓ વાંદરા કરતાં પણ ખૂબ સારી બનાવી છે, આટલાં સરસ હાથ બીજા કોઈ પ્રાણીને ભગવાને આપ્યા નથી. બધી તરફ વળે એવા હાથ બીજા કોઈ જાનવરને મળ્યા નથી. આવું કઈ રીતે બન્યું ? તે આપણી ઈચ્છાશક્તિએ પેદા કર્યું. બધા જ ચમત્કારો ચેતનાએ જ કર્યા છે. જમીનની સફાઈથી માંડીને સભ્યતા, સંસ્કૃતિ, વાહન, વિજ્ઞાન વગેરે માણસની ચેતનાનો જ ચમત્કાર છે. જો ચેતનાનો સારી રીતે વિકાસ કરવામાં આવે તો માણસ અનેક સિદ્ધિઓ મેળવી શકે છે. કહે છે કે માણસ અને ભગવાન એક બની શકે છે. માણસ ભગવાન જેટલો વિકાસ સાધી શકે છે. ચેતનાનું શુદ્ધીકરણ તથા સુધાર કરવો તેનું નામ સાધના છે.

# આપણી અંતચેતના જ સાચી ગાયત્રી

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

આપણી અંતર્ચેતના જ સાચી દેવી છે.




મિત્રો, હું તમને એક વાત બતાવવા ઈચ્છું છું કે મનુષ્યનું જીવન ઢંગધડા વગરનું અને કુસંસ્કારી છે. આપણું જીવન સંસ્કારહીન, દિશાહીન, લક્ષ્યહીન, શિસ્ત વગરનું અને અસ્તવ્યસ્ત છે. તેને વિચારણાને યોગ્ય બનાવવામાં આવે, ભાવનાઓને સુધારી લેવામાં આવે અને ક્રિયાશક્તિને વ્યવસ્થિત કરવામાં આવે તો આપણું જીવન ખૂબ સુંદર અને સુઘડ બની શકે છે. જો તમે ચમત્કાર, લાભ, વરદાન, આશીર્વાદ, અધ્યાત્મની મહત્તા તથા ગૌરવ, બુદ્ધિ અને વરદાન વિશેની વાતો સાંભળી હોય તો સમજવું જોઈએ કે એ બધી જ વિશેષતાઓ આંતરિક ચેતનાના વિકસિત સ્વરૂપની બતાવવામાં આવી છે.

જો દેવીની વાત બતાવવામાં આવતી હોય તો એ દેવી કઈ હોઈ શકે ? આપણી આંતરિક ચેતના સિવાય બીજી કોઈ દેવી નથી. આપણી આંતરિક ચેતનાનો જ્યારે વિકાસ થઈ જાય છે ત્યારે તેને સિદ્ધિ કહી શકાય. તેને જો સાચવતાં અને સદુપયોગ કરતાં આવડે તો તેને આપણે સંસ્કૃતિ કહી શકીએ, સભ્યતા કહી શકીએ. જીવનમાં એને જ સાધના કહે છે.


વાળંદ જ્યારે દાઢીમૂછ કરે છે ત્યારે તે આપણો ચહેરો એવો બનાવી દે છે કે જાણે દાઢીમૂછ ઉગી જ નથી. આ હજામત બનાવવાનો જાદુ છે. દરજી કપડામાંથી સુંદર જાકીટ કે ઝભ્ભો બનાવી દે છે તે તેની કમાલ છે. એ તેની સાધના છે. ધોબી પણ કપડાંની સાધના કરે છે. મૂર્તિકારની સાધનાને કારણે લક્ષ્મીજીની સુંદર મૂર્તિ બની જાય છે. આ તેની સાધના નહિ તો બીજું શું છે ?

# આપણી અંતચેતના જ સાચી ગાયત્રી

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

સાધના અર્થાત્ અણઘડમાંથી સુઘડ




હું તમને સાધનાનું મહત્વ બનાવી રહ્યો હતો. સાધના દ્વારા તમે તમારી તુચ્છ, નકામી અને પથ્થરના ટુકડા જેવી જિંદગીને શ્રેષ્ઠ અને શાનદાર બનાવી શકો છો. સોની સોનાના ટુકડામાંથી સુંદર બુટ્ટી કે વીંટી બનાવી દે છે ત્યારે સોનાનો પેલો ટુકડો કેટલો સુંદર બની જાય છે ! આ સોની કમાલ છે, તેની સાધના છે. આપણી કઢંગી, બેહૂદી તથા અસ્તવ્યસ્ત જિંદગીને સુંદર બનાવવાનું નામ સાધના છે.

મેં તમને શરૂઆતમાં સભ્યતા તથા વિવેક શીખવાનો પ્રયત્ન કર્યો હતો, સાધનાની રીત શીખવી હતી. પલાંઠી વાળીને તથા કમર સીધી રાખીને બેસ, પણ તું ક્યારેક એમ બેસે છે અને ક્યારેક એમ બેસતો નથી. ક્યારેક બુદ્ધિથી કામ કરે છે તો ક્યારેક તેમ નથી કરતો. એક આસને બેસતો નથી. મિત્રો, આ બધું શિસ્ત છે. તે આજનો વિષય નથી. ક્યારેક સમય મળશે તો તમને સાધનાનાં જે બાહ્ય કર્મકાંડો શિખવાડું છું તેમનો ઉદ્દેશ્ય શો છે તે સમજાવીશ. દરેક ક્રિયાને ઉદ્દેશ્ય હોય છે. પલાંઠીવાળીને કે પદમાસનમાં કેમ બેસવું પડે ? ગુરુ, હું તો પગ લાંબા કરીને કે માથા નીચે ઓશીકું રાખીને જપ કરીશ.

ના બેટા, એ બરાબર નથી. આપણે સાધનાના માધ્યમથી આપણા વ્યાવહારિક જીવનને શિસ્તબદ્ધ કરીએ છીએ. પોતાનાં કાર્યોને વિચારોને, ઇચ્છાઓને તથા આસ્થાઓને શુદ્ધ અને ક્રમ બદ્ધ કરીએ છીએ. વાસ્તવમાં આનું જ નામ સાધના છે.

સોનીની જેમ, કલાકારની જેમ, ગાયકની જેમ અને વાદકની જેમ જે પોતાને સાધી લે છે તેને સાચો સાધક કહેવાય છે. તેના વાદ્યમાંથી જ મધુર રાગિણી નીકળે છે. ગુરુજી, ભૈરવી રાગ કેવી રીતે ગાઈ શકાય તે મને શિખવાડો. બેટા, હું તને નવા નવા રાગ શિખવાડીશ. તું કોયલની જેમ મધુર કંઠે ગાવાનું શરૂ કર. હમણાં તું ચીસો પાડી રહ્યો હતો તેને સૂર ના કહેવાય. તું તારા ગળાને એવી રીતે સાધ કે એમાંથી મધુર અવાજ પેદા થાય. પછી જો, તેમાંથી કેવી મધુર સૂરાવલીઓ નીકળે છે ! આ સારી રીતે ગાવું કે વગાડવું તે એક સાધના છે. એ જ રીતે દરેક માણસે જીવનની સાધના કરવી જોઈએ કે એને કેવી રીતે જીવવું, જીવનને કેવી રીતે ઉદ્યમશીલ બનાવવું અને તેને કેવી રીતે દેવો જેવું બનાવી શકાય, જીવનની અસ્તવ્યસ્તતાને દૂર કરી તેને કઈ રીતે ઉદાત્ત બનાવી શકાય, જીવનને સારી રીતે કેવી રીતે જીવી શકાય એ જો તમે સારી રીતે જાણી શકો તો તમે ધન્ય બની જશો.

તમે બધું જ બની શકો છો. તમે બાહ્ય દૃષ્ટિનો ત્યાગ કરો. જે વસ્તુ બહાર દેખાય છે તે ખરેખર તો અંદરથી જ આવે છે. બહાર તો માત્ર તેની સુગંધ જ ફેલાય છે. કસ્તુરી હરણની નાભિમાં હોય છે, પરંતુ તેને ખબર પડતી નથી કે આ સુગંધ ક્યાંથી આવી છે. બેટા, સુગંધ બહારથી નથી આવતી, પરંતુ અંદરથી જ આવે છે. આજની વાત સમાપ્ત.. ઓમ શાંતિ..